# કોલસા બ્લોકની ફાળવણીનાં મામલે આક્રમક વલણ અપનાવતા ચિદમ્બરમ

નવી દિલ્હી, તા.૩

નાણાંમંત્રી પી ચિદમ્બરમે આજે કોલસા બ્લોકની ફાળવણીનાં મામલે મડાગાંઠ વચ્ચે આક્રમક વલણ અપનાવ્યું હતું. ચિદમ્બરમે ૧૪૨ કોલસા બ્લોકની ફાળવણીને રદ કરવા માટેની ભાજપની માંગણીને ફગાવી દીધી હતી. પરંતુ આ મુદ્દે ચર્ચામાં ભાગ લેવા અને સંસદની કામગીરી ચાલવા દેવા વિરોધ પક્ષને અપીલ કરી હતી. ચિદમ્બરમે કહ્યું હતું કે ૨૦૦૪ બાદ ફાળવવામાં આવેલા તમામ ૧૪૨ બ્લોકની ફાળવણી રદ કરવાની માંગમાં કોઇ મજબુત તર્ક નથી. ચિદમ્બરમે વડાપ્રધાન મનમોહનસિંહના રાજીનામાંની ભાજપની માંગને પણ ફગાવી દીધી હતી. આવી માંગ બીલકુલ અયોગ્ય છે. કારણ કે સીબીઆઇ પહેલાથી જ તપાસ કરી રહી છે. વર્તમાન નાણાંકીય વર્ષ માટે પ્રત્યક્ષ કરેલા વસુલાતનાં ટાર્ગેટને પહોંચી વળવાનો વિશ્વાસ વ્યક્ત કરતાં નાણાંમંત્રી પી. ચિદમ્બરમે કહ્યું હતું કે સરકાર સ્થિર કરવેરા વ્યવસ્થાની ખાતરી કરશે. મહેસુલ વસુલાત માટે યોગ્ય નીતિ અપનાવવામાં આવશે. ચીફ કમિશ્નર્સ અને ઈન્કમ ટેક્સનાં ડિરેક્ટરોને સંબોધન કર્યા બાદ ચિદમ્બરમે કહ્યું હતું કે અમે સ્થિર કરવેરા વ્યવસ્થાની ખાતરી કરી છે. સ્થિર ટેક્સ કાયદાઓ છે. દરેક વ્યક્તિ ટેક્સ વસુલાત માટે યોગ્ય રણનીતિ અપનાવે છે. તેમણે ઉમેર્યું હતું કે વસુલાત કરવા માટે બીનવિરોધી અભિગમ અપનાવવામાં આવશે. કોઈને ત્રાસ આપવામાં આવશે નહીં. તમામ કમિશ્નરોને આ સંદેશ મોકલી દેવા સીસીઆઈટીને કહેવામાં આવ્યું છે. નિર્ધારીત તારીખ સુધી એડવાન્સ ટેક્સની ચુકવણી કરવા તેઓએ તમામને અપીલ કરી હતી અને કહ્યું હતું કે ટેક્સની ચુકવણી કરવી નાગરિક માટે ગૌરવની બાબત છે. જો હું વધારે ટેક્સ ચુકવીશ તો વધારે ગર્વ થશે. વધુ નાણાં કમાનવનારે વધુ ટેક્સ ચુકવવાની જરૂર છે. કોર્પોરેટ એડવાન્સ ટેક્સનાં બીજા ઈન્સ્ટલોમેન્ટની અને વ્યક્તિગતો એડવાન્સ ટેક્સનાં પ્રથમ ઈન્સ્ટોલમેન્ટથી ૧૫મી સપ્ટેમ્બર સુધી ચુકવણી કરશે. તેમણે એમપણ કહ્યું હતું કે વર્તમાન નાણાંકિય વર્ષ માટે ૫૭૦૨૫૭ કરોડનાં પ્રત્યક્ષ કરવેરા વસુલાતનાં લક્ષને હાંસલ કરવાનો અમારો ઈરાદો છે. અમે આ ટાર્ગેટને હાંસલ કરાવમાં સફળ રહ્યા છીએ. વસુલતામાં ૧૫ ટકાનાં રેટ સામે ૧૦.૫ ટકાનો વધારો થઈ રહ્યો છે. તેઓએ વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે વસુલાત વર્તમાન નાણાંકિય વર્ષનાં બીજા તબક્કામાં સુધરશે. ભારત લો ટેક્સ દેશ છે. જીડીપી રેશિયોનાં ટેક્સમાં સુધારો કરવાની જરૂર છે. વર્ષ ૨૦૦૭-૦૮માં જીડીપી રેશિયો સામે ટેક્સ ઘટ્યો છે. ૧૨ ટકાનાં દર ઉપર પહોંચવાનો ઈરાદો છે. ૧૨ ટકાનો દર હશે તો પણ ભારત સૌથી ઓછા ટેક્સ ધરવાત દેશો પૈકી એક હશે. કરદાતાઓએ ટેક્સ વિભાગ અને ટેક્સ સત્તાવાળાઓથી ભયભીત રહેવું જોઈએ નહીં. ટેક્સ વિભાગ સંપુર્ણપણે મૈત્રીપુર્ણ રહેશે. દરમિયાન ચિદમ્બરમે અન્ય ઘણાં મુદ્દા ઉપર પણ વાત કરી હતી. કોર્પોરેટ ટેક્સ ૩૦ ટકા છે. પરંતુ અસરકારક કોર્પોરેટ ટેક્સ રેટ ૨૪ ટકા છે. નાણાંમંત્રીએ વોડાફોન ટેક્સ કેસનો મુદ્દો પણ ઉઠાવ્યો હતો. તેમણે કહ્યું હતું કે આ મામલામાં ઉતાવળમાં પગલા લેવામાં આવશે નહીં. આ મામલા પર તમામ પાસાઓમાં ચકાસણી કરવામાં આવ્યા બાદ નિર્ણય લેવાશે. સંપત્તિનાં પરોક્ષ ટ્રાન્સફર અંગે સોમ કમિટિની ભલામણો અંગે પણ ચકાસણી કરવામાં આવશે. ટેક્સ અધિકારીઓ ટેક્સની વસુલાત માટે વોડાફાનને નોટીસ મોકલશે કે કેમ તે અંગે પુછવામાં આવશે. તેઓએ સ્પષ્ટ પણે વાત કરી ન હતી.

## કોલસા કૌભાંડ : સીબીઆઈએ અહેવાલ સોંપવા સમય માંગ્યો

સીબીઆઈએ કોલસા બ્લોક ફાળવણી અને ઉપયોગમાં ગેરરીતીનાં મામલાને તપાસ અંગે તેનો સ્ટેટસ અહેવાલ રજુ કરવા સેન્ટ્રલ વિજીલન્સ કમિશન પાસેથી વધુ સમયની માંગ કરી છે. સીબીઆઈનાં સુત્રોએ માહિતી આપતાં કહ્યું છે કે સીવીસી તરફથી રેફ્રન્સ મળ્યા બાદ પ્રાથમિક તપાસની સીબીઆઈએ નોંધણી કરી હતી પરંતુ ત્રણ મહિનાનાં નિર્ધારીત સમયગાળામાં તેનો અહેવાલ તૈયાર કરવામાં સફળતા હાથ લાગી નથી. કારણ કે આ કેસ જટીલ સ્થિતીમાં છે. સુત્રોએ કહ્યું છે કે ૩૧મી ઓગસ્ટનાં દિવસે ત્રણ મહિનાની મહેતલ પુરી થઈ ગઈ હતી. સીબીઆઈ હળવુ વલણ અપનાવી રહી છે. અહેવાલ તૈયાર ન થતાં સીબીઆઈ દ્વારા ભ્રષ્ટાચાર વિરોધી વોચ ડોગ પાસેથી વધુ સમયની માંગ કરી શકે છે. આવી સ્થિતીમાં વધુ સમયની માંગ કરવામાં આવી છે. દરમિયાન છત્તીસગઢ અને ઝારખંડમાં સીબીઆઈની ટીમો તપાસ કરી રહી છે. કંપનીઓનાં સંબંધિત અધિકારીઓની પણ ચકાસણી કરવામાં આવી રહી છે. સીબીઆઈનાં પ્રવક્તાએ કહ્યું છે કે હજુ સુધી કોઇ દરોડા પાડવામાં આવ્યા નથી. કોલસા બ્લોક ફાળવણીમાંથી જેને લાભ થયો હતો તેવી ઓછામાં ઓછી દસ કંપનીઓ હાલમાં ધારાધોરણોનાં ભંગ બદલ સીબીઆઈ ચકાસણી હેઠળ છે. સુત્રોનું કહેવું છે કે સીબીઆઈ જુદી જુદી બેન્ચમાં કેસ દાખલ કરે તેવી શક્યતા છે. ઓછામાં ઓછી આઠ કંપની પ્રથમ તબક્કામાં સંકજામાં આવી શકે છે.

## કોલસા કૌભાંડનાં મામલે સતત નવમાં દિવસે સંસદની કામગીરી મોકુફ

નવી દિલ્હી,તા. ૩

કોલસા બ્લોકની ફાળવણી મામલે ઉભી થયેલી મડાગાંઠ હજુ લાંબી ખેંચાઈ તેવા સંકેત દેખાઈ રહ્યા છે. આજે ભારે ધાંધલ ધમાલ વચ્ચે કોલસા કૌભાંડનાં મામલે સતત નવમાં દિવસે સંસદની કામગીરી મોકુફ કરી દેવામાં આવી હતી. લોકસભા અને રાજ્યસભા બંનેને દિવસભર માટે મોકુફ કરી દેવાની ફરજ પડી હતી. ભાજપનાં આક્રમક બનેલા સભ્યોએ ભારે ધાંધલધમાલ જારી રાખી હતી. વડાપ્રધાન મનમોહનસિંહનાં રાજીનામાંની માંગ ઉપર ભાજપ મક્કમ છે. રાજ્યસભા અને લોકસભાને આગળ પણ મોકુફ કરવામાં આવ્યા બાદ કોઈ સ્થિતીમાં સુધારો થયો ન હતો. રાજ્યસભામાં ભાજપનાં સભ્યો આક્રમક મુડમાં દેખાયા હતા. વારંવાર મોકુફી બાદ ગૃહનની કામગીરીને દિવસભર માટે મોકુફ કરી દેવાઈ હતી. લોકસભામાં પણ આવી જ સ્થિતી સર્જાઇ હતી. બપોર બાદ લોકસભા ફરી મળતાં અધ્યક્ષ મિરા કુમારને સ્થિતીમાં સુધારો ન થતાં અને ધાંધલધમાલ જારી રહેતા કામગીરીને દિવસભર માટે મોકુફ કરી દેવાની ફરજ પડી હતી. ભાજપ દ્વારા વડાપ્રધાન મનમોહનસિંહનાં રાજીનામાની માંગ કરવામાં આવી રહી છે. ભાજપનું કહેવું છે કે જ્યાં સુધી ફાળવણીને રદ કરવામાં આવશે નહીં અને સરકારનાં ઓડિટરનાં અહેવાલ મામલે નિષ્પક્ષ તપાસનો આદેશ કરાશે નહીં ત્યાં સુધી ધાંધલધમાલ જારી રહેશે અને કામગીરીને આગળ વધવા તક અપાશે નહીં.

કોલસા બ્લોકની ફાળવણીમાં વ્યાપક ગેરરીતિ અને અનિયમિતતાનો આક્ષેપ સરકાર ઉપર કરવામાં આવી ચુક્યો છે. સંસદનું ચોમાસુ સત્ર સાતમી સપ્ટેમ્બરનાં દિવસે પરીપુર્ણ થઈ રહ્યું છે. છેલ્લા બે સપ્તાહથી આ મુદ્દે સંસદની કામગીરી ચાલી શકી નથી. કમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ કેગે તેનાં અહેવાલમાં જણાવ્યું હતું કે ખાનગી કંપનીઓને કોલસા બ્લોકની ફાળવણીનાં કારણે દેશને ૧.૮૫ લાખ કરોડ રૂપિયાનું અથવા તો ૩૭ અબજ રૂપિયાનું નુકશાન થયું હતું.

## અણ્ણા નવી ટીમની રચના કરવા તૈયારીમાં વ્યસ્ત છે

બેંગ્લોર,તા.૩

કર્ણાટકનાં ભુતપુર્વ લોકાયુક્ત સંતોષ હેગડેનું કહેવું છે કે લોકપાલની માંગ માટે રચવામાં આવેલી પોતાની ટીમને વિખેરી નાંખ્યા બાદ ગાંધીવાદી નેતા અને સામાજિક કાર્યકર અણ્ણા હજારે નવી ટીમની રચના કરવાની તૈયારીમાં છે. હજારેએ આ મહિનાનાં અંતમાં દેશનાં એક સમાન વિચારધારા ધરવાતા લોકોની બેઠક બોલાવી છે. જેથી ભ્રષ્ટાચાર સામેની લડાઈ માટે ટીમની રણનીતિ વધુ આક્રમક બનાવવામાં આવે. ભંગ કરવામાં આવેલી ટીમ અણ્ણાનાં સભ્યો પૈકીનાં એક હેગડેએ કહ્યું છે કે તેઓ પોતે અણ્ણા હજારેને મળી ચુક્યા છે. તેમનું કહેવું છે કે હજારેએ તેમની યોજના અંગે માહિતી આપી છે. હેગડેએ કહ્યું હતું કે આ મહિનાનાં અંતમાં તમામ એક સમાન વિચારાધારા વાળા લોકોની બેઠક બોલાવવામાં આવી છે. જેમાં નવી રણનીતિ ઉપર વિચાર કરાશે. વિખેરી નાંખવામાં આવેલી ટીમનાં સભ્યોને આમાં સામેલ કરવામાં આવશે કે કેમ તે અંગે પુછવામાં આવતા હેગડેએ કહ્યું હતું કે આ બાબત શક્ય છે. હજારે તેમને અલગ કેમ કરશે. નવી ટીમની વિચારધારા જુદી રહેશે. નવી ટીમનું આંદોલન બીન રાજકિય રહેશે.

## દિલ્હીમાં હિંસા ભડકી : ૨૯ ઘાયલ

નવી દિલ્હી,તા. ૩

રાષ્ટ્રીય પાટનગર દિલ્હીના મયુર વિહાર વિસ્તારમાં ગઈરાતે થયેલી હિંસા બાદ હવે શાંતિ પ્રવર્તી રહી છે. ટ્રાફિક પોલીસ દ્વારા ધોલાઈ કરવામાં આવ્યા બાદ એક યુવાનના મોતના અહેવાલ બાદ નારાજ થયેલા લોકોએ મોડી સાંજે ભારે તોડફોડ કરી હતી. અનેક જગ્યાઓએ આગ પણ ચાંપી દીધી હતું. કેટલીક ગાડીઓની સાથે સાથે પેટ્રોલ પંપની ફૂંકી મારવાના પ્રયાસ પણ કર્યા હતા. સ્થિતિને કાબૂમાં લેવા માટે પોલીસને હવામાં ગોળીબાર કરવાની ફરજ પડી હતી. હિંસક અથડામણોમાં પોલીસ જવાન સહિત ૨૯ લોકો ઘાયલ થયા હતા. પોલીસનો આક્ષેપ છે કે તોફાની તોળામાં સામેલ કેટલાક લોકોએ ગોળીબાર પણ કર્યો હતો. હાલ સ્થિતિ કાબૂ હેઠળ છે પરંતુ તંગ બનેલી છે. મળેલી માહિતી મુજબ મયુર વિહાર ફેઝ-૩માં ગાજીપુર મંડી અને ખોડા કોલોની નજીક પોલીસ બેરીકેડ લગાવીને ચકાસણી કરી રહી હતી. આ જ ગાળા દરમિયાન ખોડા તરફથી આવી રહેલા એક યુવકને રોકવા માટે પોલીસે ઈશારો કર્યો હતો પરંતુ આ યુવાન બાઈકને આગળ ભગાડી ગયો હતો. એવો આક્ષેપ કરવામાં આવ્યો છે કે આગળ નીકળી ગયેલા યુવાન તરફ પોલીસે લાકડીનો પ્રહાર કર્યો હતો જેથી તે બાઈકની સાથે નીચે પટકાઈ ગયો હતો અને ગંભીર રીતે ઘાયલ થયો હતો. પરંતુ આ બનાવની માહિતી એવી ફેલાઈ હતી કે યુવાનનું મોત થઈ ગયું છે જેથી હિંસા ભડકી ઉઠી હતી. પોલીસનો દાવો છે કે બાઈક પર આવેલા યુવાનને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે અને તેની સ્થિતિ સ્થિર છે પરંતુ નારાજ થયેલા લોકો પોલીસ ઉપર તૂટી પડ્યા હતા.

પથ્થરમારાના બનાવો બન્યા હતા. આગ અને તોડફોડના બનાવો પણ બન્યા હતા. સ્થિતિને કાબૂમાં લેવા માટે પોલીસને ટીયર ગેસના સેલ છોડવાની ફરજ પડી હતી. સ્થિતિ કાબૂમાં ન આવતા હવામાં ગોળીબાર પણ કરવામાં આવ્યો હતો. લોકોનો આક્ષેપ છે કે પોલીસે ટોળા પર ગોળીબાર કર્યો હતો. દરમિયાન હિંસાગ્રસ્ત વિસ્તારમાંથી એક યુવકની લાશ મળી આવી છે પરંતુ તેનું મોત કઈ રીતે થયું છે તે જાણી શકાયું નથી. ગોળીબારમાં બે લોકો ઘાયલ થયા છે. આ બંનેને જીટીબી અને લાલ બહાદુર શાસ્ત્રી હોસ્પિટલમાં દાખલ કરાયા છે. સાવચેતીના પગલાં રૂપે સુરક્ષા મજબૂત કરવામાં આવી છે.

## સમાચાર ઝલક

- કર્ણાટકનાં સેના, નૌસેના, પરમાણું સ્થળો ત્રાસવાદીઓનાં હિટ લીસ્ટમાં.
- બિહાર : બ્રહ્મકુંડમાં સ્નાન વેળા ભાગદોડથી બેનાં મોત, વ્યવસ્થા ખોરવતો બનાવ.
- ગોવામાં દેહવ્યાપાર નેટવર્કનો પર્દાફાશ, થાઇલેન્ડની ૭ યુવતી ઝડપાઇ.
- અમદાવાદ-લખનૌ-ઇન્દોર-પટના વચ્ચે તહેવારોમાં વિશેષ ટ્રેનો દોડશે.
- સોમનાથના ગીતા મંદિરમાં વરૂણદેવને રીઝવવા ઇન્દ્રસુક્ત અનુષ્ઠાન-યજ્ઞ, રોજ ૧૦ પંડિતો અનુષ્ઠાનમાં ભાગ લે છે.
- ગુજરાતમાં ૨૯ માળની ઇમારત ટૂકમાં બની જશે. આ ઇમારત ગાંધીનગરમાં હાલ નિર્માણ થઇ રહી છે ડિસેમ્બરમાં કામ પૂર્ણ થશે, ૧૨૨ મીટર ઊંચી ઇમારત કોઇ પણ જગ્યાએથી દેખાશે.
- કેરળમાં ગેસ ટેન્કરમાં વિસ્ફોટથી ૧૮નાં મૃત્યુ.
- સેટીંગ કરી સરકારી નોકરી અપાવી દેવાના બહાને ૨૦ યુવાનો પાસેથી રૂા. ૪૦ લાખ ખંખેર્યા, અમદાવાદમાંથી નિવૃત્ત પ્રોફેસરની સંડોવણી.
- તાલિબાનોને ૧૨ પાક સૈનિક જવાનનાં માથાં કાપ્યાં.
- વીમા પોલીસી સરેન્ડર કરવાથી મળશે હવે વધારે રિટર્ન.
- ઇન્ટરનેટનાં માધ્યમથી મોદી ‘દુનિયા’માં છવાયાં.
- ફિલીપીન્સમાં ૭.૯ નો ભૂકંપ, રસ્તાઓને અને પુલોને વ્યાપક નુકસાન.
- ગ્રાહક ભાવાંક જાહેર જુલાઇનાં આંક ૨૧૨ ગ્રાહક ભાવાંક અનુસાર સરકારી કર્મચારીઓને ૧/૧/૨૦૧૩ માં ૬% મોંઘવારી અત્યારથી નક્કી થઇ ગઇ, જો કે તા. ૧/૭/૨૦૧૨ ની મોંઘવારી ૭ % હજુ મંજુર થઇ નથી.
- ખેડબ્રહ્મા કોલેજમાં ૩ દિવસ શોક જાહેર કરાયો, ખેડબ્રહ્માના યુવાનો માંડવી દરિયા કિનારે ડૂબી જવાથી ખેડાબ્રહ્માનો વિદ્યાર્થી આલમ શોકાતુર.
- ગુટકા વેંચનારને ૬ માસની સજા તા.૧૧મીથી અમલ.
- બીગ-બીના લગ્નની ૧૦મી વર્ષગાંઠ યાદગાર બનશે, લગ્ન તારીખે ફિલ્મ ‘ગંગાદેવી’ રિલીઝ થશે, જેમાં અમિતાભ બચ્ચન અને જયાભાદુરી હશે.
- ભાદરવી પૂનમ અંબાજીમાં મંદિરમાં ધજા ચઢાવવાની ફી રૂા.૫૦૦ રદ્દ કરવામાં આવી, ધજા પરત લઇ જવાની રહેશે : શ્રી મહેન્દ્રભાઇ ત્રિવેદી.

## મોંઘેરા મોતી (પાના નં. ૪ નું ચાલુ)

(પાના નં. ૪ નું ચાલુ)

જે અત્યાર સુધીમાં ૧૨૪ મહિનાથી ચાલતી વિક્રમ સર્જક શ્રેણી દ્વારા લોકોના સ્વાસ્થ્યને કેમ સારું રાખવું. તેનો પ્રચાર - પ્રસાર કરવામાં આવ્યો.

રાજયની, રાષ્ટ્રની ઘણી બધી સંસ્થા અને વિદેશોમાં લગભગ ૧૮ દેશમાં મેડિકલ અને નોન મેડિકલ વિષય ઉપર પ્રવચનો આપ્યા છે. UK માં જૈન પર્યુષણ દરમિયાન સાઉથ લંડનમાં ‘જીન તત્ત્વો દર્શન’ પર દસ દિવસ પ્રવચન શ્રેણીમાં પ્રવચનો કર્યાં હતા. આ ઉપરાંત અનાથ બાળકોનો આશ્રમ, મંદબુધ્ધિના બાળકો, વૃદ્ધાશ્રમો. એવા વિવિધ કાર્યો માટે જે કંઇ થઇ શકે, તે આપવાનો એક નમ્ર પ્રયત્ન કર્યો. જે સલામને પાત્ર છે.

આચમન - ૧ (વર્ષ - ૨૦૧૦)
આચમન - ૨ (વર્ષ - ૨૦૧૧)
ડાયાબિટીસને સમજીએ (વર્ષ - ૨૦૦૦)
- પુસ્તકો પ્રગટ થયાં છે.

ફૂલછાબ ‘હેલ્થ પ્લસ’માં (વર્ષ - ૨૦૦૯-૧૦) માં શ્રેણી પ્રગટ થઇ હતી. અકિલા સાંનિધ્ય દૈનિકમાં કોલમ “વિદ્યાર્થીનું માનસ કેમ તૈયાર કરવું?” પ્રગટ થાય છે. (દર વર્ષે - જાન્યુઆરી, ફેબ્રુઆરી, માર્ચમાં), રાજકોટ માહિતી ખાતા પ્રકાશિત પુસ્તકમાં - રાજકોટની ગઇકાલ / આજ / આવતીકાલમાં લેખ ‘સ્વાસ્થ્યની દષ્ટિએ (વર્ષ - ૨૦૧૦), મેડીસીનીઅલ પ્લાન્ટ અને તેની ઉપયોગીતા ભવિષ્યની દૃષ્ટિએ (વર્ષ-૧૯૯૯), ઓડિયો કેસેટ રિલિઝ થઇ છે, જેનો વિષય છે.’ સ્વસ્થ કેમ બનશો? (વર્ષ - ૨૦૦૫), અનેક સામયિકો, પત્રિકા, અખબારમાં નિયમિત લેખનથી શબ્દ સર્જકનાં જીવન સ્વપ્નની ફલશ્રુતિ માટે મનન - ચિંતન કંઇક આવું છે, “આ અવિરત વણતંભી યાત્રાને વ્હાલભરી આનંદમય બનાવીએ.”

ચિંતક થોરો કહે છે, ‘બધી કલાઓમાં જીવન જીવવાની કલા શ્રેષ્ઠ છે, સારી રીતે જીવી જાણે તે જ સાચો કલાકાર!’

સર્જન, સર્જક, સ્વજન, એવા સૌના પ્રિય જીવનકલાના જાણતલ ડો. કલમભાઇ પરીખની પ્રતિભાને અભિનંદન, શુભેચ્છાઓ...

તેમનો મો. નં. છે : ૯૮૨૪૨૩૧૫૮૦

## પૂણેમાં લેટનાઇટ પાર્ટી પર દરોડા

પૂણે,તા.૩

પૂણેમાં પોલીસે લેટ નાઈટ પાર્ટી ઉપર દરોડા પાડીને યુવતીઓ સહિત ૩૦૦થી વધુ શખ્સોની ધરપકડ કરી હતી. પોલીસે કહ્યું છે કે પબમાં ઊંચા અવાજમાં સંગીત પર મોટી સંખ્યામાં યુવક યુવતીઓ ઝુમી રહ્યા છે તેવી ફરિયાદ સ્થાનિક લોકો તરફથી મળ્યા બાદ પોલીસે દરોડા પાડ્યા હતા. પૂણેથી આશરે ૨૦ કિલોમીટરના અંતરે સ્થિત વાઘોલી વિસ્તારમાં બાર ઉપર દરોડા પાડવામાં આવ્યા હતા. ૧૧૪ યુવતીઓ સહિત ૩૦૩ લોકોની ધરપકડ કરી લેવામાં આવી હતી. શરાબની પરવાનગી નહીં હોવા છતાં આનો ઉપયોગ કરવામાં આવી રહ્યો હતો. જાહેર સ્થળોએ ખરાબ વર્તનને લઈને પણ તેમની સામે ફરિયાદ કરવામાં આવી છે. પોલીસ અધિકારીઓએ માહિતી આપતા કહ્યું છે કે સ્થાનિક લોકોએ ફરિયાદ કર્યા બાદ આ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. દર શનિવારે અને રવિવારે બારમાં મોટી સંખ્યામાં યુવક યુવતીઓ ભેગા થાય છે અને પાર્ટીનું આયોજન કરવામાં આવે છે. ઊંચા અવાજે સંગીત વગાડવામાં આવે છે. આ ફરિયાદની ગંભીર નોંધ લઈને દરોડા પાડવામાં આવ્યા હતા. હાલમાં તેમને પર્સનલ બોન્ડ પર છોડી મૂકવામાં આવ્યા છે.

## નીતિશમાં વડાપ્રધાન બનવાની તમામ કુશળતા : સુશીલકુમાર

પટણા,તા. ૩

આગામી લોકસભાની ચૂંટણીમાં વડાપ્રધાનપદના ઉમેદવારને લઈને એનડીએમાં જોરદાર ઘમસાણ જારી છે ત્યારે બિહારના નાયબ મુખ્યમંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા સુશીલકુમાર સિંધે પણ ચર્ચામાં ઉતરી ગયા છે. સુશીલકુમાર સિંધેએ કહ્યું છે કે નીતિશ કુમારમાં વડાપ્રધાન બનવાની ક્ષમતા છે.



સુશીલ કુમાર મોદીએ પરોક્ષ રીતે નીતિશ કુમારની દાવેદારીને ટેકો આપ્યો છે. એક અગ્રણી અંગ્રેજી અખબારમાં આપેલી મુલાકાતમાં સુશીલ કુમાર મોદીએ કહ્યું છે કે નીતિશ કુમારમાં વડાપ્રધાન બનવાની તમામ કુશળતા છે. વર્ષ ૨૦૧૪ની ચૂંટણીમાં નીતિશ કુમારની ભૂમિકા ખૂબ જ મહત્વની રહેશે. એક મુખ્યમંત્રી તરીકે નીતિશ કુમારે બિહારમાં વિકાસ કામગીરીને એક નવી દિશા આપી છે. જો કે મોદીએ સ્પષ્ટતા કરી હતી કે કોઈપણ ગઠબંધનમાં સૌથી મોટા પક્ષને જ સરકારનું નેતૃત્વ કરવું જોઈએ. આનાથી સરકારને સ્થિરતા મળે છે. નીતિશ કુમાર યુપીએની સાથે જઈ શકે છે તેવા એક પ્રશ્નના જવાબમાં મોદીએ કહ્યું હતું કે આ માત્ર અફવા છે. આમા કોઈ પણ વાસ્તવિકતા નથી. એનડીએ અને જનતાદળ યુનાઈટેડ વચ્ચે સંબંધ ખૂબ જ મજબૂત છે. સુશીલ કુમારે કહ્યું હતું કે નરોડા પાટિયા હત્યાકાંડ કેસમાં ચુકાદો આવ્યા બાદ આનાથી ભાજપને કોઈપણ નુકશાન થશે નહીં. આનાથી ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની પ્રતિષ્ઠાને પણ કોઈ અસર થશે નહીં. વાસ્તવિકતા એ છે કે સામાન્ય લોકો યુપીએ સરકારના કૌભાંડ અને ભ્રષ્ટાચારથી પરેશાન થઈ ચૂક્યા છે. આગામી લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસને કૌભાંડોના મામલે દેશના લોકોને જવાબ આપવા પડશે. વડાપ્રધાન પદના ઉમેદવારને લઈને એનડીએમાં ખેંચતાણ ઘણા દિવસથી ચાલી રહી છે. નીતિશ કુમાર અને ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી વચ્ચે મુખ્ય રીતે ખેંચતાણ ચાલી રહી છે. મોટાભાગના સર્વે અને લોકોમાં લોકપ્રિયતાની બાબતમાં નરેન્દ્ર મોદી વધુ મજબૂત દાવેદાર દેખાઈ રહ્યા છે છતાં નીતિશ કુમાર તેમની દાવેદારીને ટેકો આપી રહ્યા નથી. જનતાદળ યુનાઈટેડના સભ્યો આ મુદ્દે અલગ વલણ અપનાવીને એનડીએની તકલીફમાં વધારો કરી રહ્યા છે.

## બેંગ્લોર ટેસ્ટમાં ન્યુઝીલેન્ડ ઉપર ભારતની ૫ વિકેટે જીત

બેંગ્લોરનાં ચિન્નાસ્વામી સ્ટેડિયમ ખાતે રમાયેલી બીજી ટેસ્ટ મેચમાં ભારતે ન્યુઝીલેન્ડ પર પાંચ વિકેટે જીત મેળવીને શ્રેણી ૨-૦થી જીતી લેવામાં સફળતા મેળવી છે. જીતવા માટેનાં ૨૬૧ લક્ષ્યાંકનો પીછો કરતાં ભારતે આ રન પાંચ વિકેટ ગુમાવીને બનાવી લીધા હતા. એક વખતે ભારતે પાંચ વિકેટ ૧૬૬ રનમાં ગુમાવી દીધી હતી. પરંતુ ત્યાર બાદ કોહલી અને ધોનીએ બાજી સંભાળી લીધી હતી. આ બંને છેલ્લે સુધી અણનમ રહીને પોતાની ટીમને જીત અપાવી હતી. કોહલી ૫૧ રન બનાવી નોટઆઉટ રહ્યો હતો. જ્યારે ધોનીએ ૪૮ રન બનાવ્યા હતા. ન્યુઝીલેન્ડ તરફથી પટેલે ૬૮ રન આપી ત્રણ વિકેટ ઝડપી હતી. ભારતે આ ટેસ્ટ મેચ જીતીને શ્રેણીમાં ૨-૦ની જીત મેળવી ઘરઆંગણે સર્વોપરિતા સાબિત કરી હતી. અગાઉ આજે ન્યુઝીલેન્ડની ટીમ તેના બીજા દાવમાં ૨૪૮ રન બનાવી ઓલઆઉટ થઈ ગઈ હતી. ભારત તરફથી અશ્વીને ફરી એકવાર શાનદાર બોલિંગ કરી પાંચ વિકેટ ઝડપી હતી. અશ્વીને ૬૯ રન આપી પાંચ વિકેટ ઝડપી હતી. આ ઉપરાંત યાદવ અને ઓઝાએ બે બે વિકેટ ઝડપી હતી.

## મોરગન સ્ટેનલીએ પણ વિકાસ આગાહી ઘટાડી

કોઈમ્બતુર, તા.૩

ઉંચા ફુગાવા અને ધીમા વિકાસદર જેવા કારણો આપીને મોરગન સ્ટેનલીએ પણ દેશની વિકાસ આગાહી ૫.૮ ટકાથી ઘટાડીને ૫.૧ ટકા કરી દીધી છે. વર્તમાન નાણાંકીય વર્ષ માટે આગાહી ઘટાડી દેવામાં આવતાં અફડાતફડી મચી ગઈ હતી. મોરગન સ્ટેનલીએ માહિતી આપતાં કહ્યું છે કે આગામી નાણાંકિય વર્ષમાં નિકાસ આગાહી ૬.૬ ટકાથી ઘટાડી ૬.૧ ટકા કરી દેવામાં આવી છે.

માઈક્રો પર્યાવરણમાં સ્થિતી નબળી પડી ગઈ છે. કેલેન્ડર વર્ષનાં આધાર પર અંદાજ ક્રમશ- ૫ અને ૬ ટકા કરી દેવામાં આવ્યો છે. મોરગન સ્ટેનલીએ આગાહી ઘટાડી દેતાં આગામી દિવસોમાં શેરબજાર પર તેની સીધી અસર થવાની શક્યતા દેખાઈ રહી છે. જુલાઈમાં નિકાસનાં આંકડામાં પણ ઘટાડો થયો છે. તેની પણ અસર જોવા મળે તેવી શક્યતા દેખાઈ રહી છે. વિકાસદર ધીમો પડી રહ્યો છે.


SANGHI CEMENT | Kisan | VINAYAK 500 TMT BARS - ISI | SANGHI STEEL - ISI | BENELAVE | Dr.FIXIT | TATA STEEL • PIPES • SHEETS | ashirvad C. PVC, UPVC

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

અલ્ટ્રાટેક સિમેન્ટ
એંજિનિયરની પસંદગી



FAIR MATE Water Proofing Solution | VIRAT TMT BARS | UTKARSH TMT BARS
સાથ, સહકાર અને વિશ્વાસ
સ્ટોકિસ્ટ :- શ્રી વૈષ્ણવી ટ્રેડર્સ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
(O) : 23226929 M. 98251 36929, 99250 39672, 99250 33729